# વાઈરોલોજિસ્ટ

વાઈરોલોજિસ્ટ વાયરસનો અભ્યાસ કરે છે અને વાયરસ કેવી રીતે માનવ, પ્રાણીઓ, જંતુઓ, બેક્ટેરિયા, ફૂગ અને છોડને, સમુદાય, તબીબી, કૃષિ અને કુદરતી વાતાવરણમાં અસર કરે છે તે અંગે સંશોધનો અને અભ્યાસ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનનો આનંદ માણો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે કુશળ સંવાદકર્તા છો



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૮૦,૦૦૦ થી ૨,૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨.માઈક્રોબાયોલોજી / વાઈરોલોજી / લાઈફ સાયન્સ / બાયોકેમિસ્ટ્રી / બાયોટેક્નોલોજી / ઝુઓલોજી / મેડિકલ લેબ ટેક્નોલોજી અથવા કોઈપણ સંલગ્ન વિષયમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

વાયરોલોજિસ્ટનું અંદાજીત માસિક વેતન
રૂ. ૯૦,૦૦૦ થી ૧,૬૦,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/virologist/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** હોસ્પિટલો, આરોગ્ય વિભાગો, યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. તમારે પ્રયોગશાળાના કાર્યકરો અને સહાયકોની ટીમનું સંચાલન કરવાની જરૂર પડી શકે છે. સ્થાનિક મુસાફરી તમારી ભૂમિકાનો ભાગ નથી. પાર્ટ-ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ થઈ શકે છે. સંસ્થાઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરે છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ  શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

રિસર્ચ ફેલો → વાઈરોલોજિસ્ટ → વરિષ્ઠ વાઈરોલોજિસ્ટ → વિભાગના વડા, વાઈરોલોજી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

વાઈરોલોજી, વાઈરોલોજીસ્ટ, વાઈરોલોજી ટેકનિશિયન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માઈક્રોબાયોલોજી/વાઈરોલોજી/લાઈફ સાયન્સ/બાયોકેમિસ્ટ્રી/ બાયોટેક્નોલોજી/ઝુઓલોજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ નવી દિલ્હી
૨. ગુજરાય બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, ગાંધીનગર
૩. કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી, લખનૌ
૪. અન્નામલાઈ યુનિવર્સિટી, અન્નામલાઈ નગર
૫. ઉત્તર પ્રદેશ યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સ, સૈફઈ
૬. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૭. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, ઋષિકેશ
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી અને એ.આઇ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. હરિવંદના કૉલેજ, રાજકોટ
૨. મણિપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, કર્ણાટક
૩. ક્રિષ્ના ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, મલકાપુર
૪. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૫. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુંઝુનુ
૬. એમિટી યુનિવર્સિટી, નોઈડા
૭. એડમસ યુનિવર્સિટી, કોલકાતા
૮. પારુલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec21_bt18/preview/
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

ભારતીય વાઈરોલોજિસ્ટ, **ડૉ. ગંગનદીપ કાંગને** ભારતની 'વેક્સિન ગોડમધર' તરીકે ઓળખવામાં આવે છે. તે બાળકોમાં વાયરલ ચેપ અંગેના અગ્રણી શોધકર્તા છે અને ૧૯૯૦ના દાયકાથી ભારતમાં જાહેર આરોગ્ય અને ઝાડાના રોગ પર કામ કરી રહ્યા છે. તેઓ રોયલ સોસાયટી, લંડનના ફેલો તરીકે ચૂંટાયેલી પ્રથમ ભારતીય મહિલા છે. તેણીએ રોટાવાયરસના સંશોધનમાં વિસ્તૃત કામગીરી કરી છે અને તેઓ ભારત બાયોટેક ઈન્ટરનેશનલ તરફથી ઝાડાની રોકથામ માટે રોટોવેક રસી વિકસાવવામાં મુખ્ય વૈજ્ઞાનિક હતા.*

સ્રોત:https://www.cmchVellore.edu/SinglePage.aspx?pid=P160802009&mid=M190619168

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.